eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 273
May 27, 2011

## તા. ૨૩/૦૫/૨૦૧૧ અને તા. ૨૪/૦૫/૨૦૧૧ના રોજ હેલ્થકેર અને પ્રિમોન્સુન સંદર્ભે આરોગ્ય વિભાગની કામગીરી

મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ઈ. ચા. ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) નાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારમાં આવેલ મહાનગરપાલિકાના વિવિધ ઝોનમાં તા. ૨૩/૦૫/૨૦૧૧ અને તા. ૨૪/૦૫/૨૦૧૧ ના રોજ ઓપરેશન હેલ્થકેર અને પ્રિમોન્સુન સંદર્ભે આરોગ્યલક્ષી કામગીરીમાં બરફનાં ગોળા/ કુલ્ફી/ મટકા કુલ–૯૮ લારીઓ ચેકીંગ કરી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## લિંબાયત ઝોનમાં પ્રિમોન્સુન કામગીરી માટે મીટીંગનું આયોજન

તા. ૨૪/૦૫/૨૦૧૧ નાં રોજ સવારે ૧૧.૦૦ કલાકે સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) ખાતે ડીઝાસ્ટર મેનેજમેન્ટ અને પ્રિપેડનેશ પ્લાન અન્વયે ઈ. ચા. કાર્યપાલક ઈજનેરશ્રીના અધ્યક્ષ સ્થાને સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રમુખશ્રીઓ/પ્રતિનિધિશ્રીઓની સાથે ખાડીપુર/નદીપુર જેવી કુદરતી આફતના સમયે રાહતની કામગીરી, સાફસફાઈ તથા પુનઃવર્સનની કામગીરી સરળ અને ઝડપી બને તે હેતુસર ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા. ૨૩/૦૫/૨૦૧૧ અને તા. ૨૪/૦૫/૨૦૧૧ના રોજ હેલ્થકેર અને પ્રિમોન્સુન સંદર્ભે આરોગ્ય વિભાગની કામગીરી

મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ઈ. ચા. ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) નાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારમાં આવેલ મહાનગરપાલિકાના વિવિધ ઝોનમાં તા. ૨૩/૦૫/૨૦૧૧ અને તા. ૨૪/૦૫/૨૦૧૧ ના રોજ ઓપરેશન હેલ્થકેર અને પ્રિમોન્સુન સંદર્ભે આરોગ્યલક્ષી કામગીરીમાં બરફનાં ગોળા/ કુલ્ફી/ મટકા કુલ–૯૮ લારીઓ ચેકીંગ કરી, સડેલા/કાપેલા/ખુલ્લા રાખેલા/વધુ પડતા પાકેલા ફળો/ શાકભાજીનો–૨૧૧૭ કી.ગ્રા. નાશ કર્યો, ખાણીપીણીની લારી/રેકડીઓનાં પીવાનું પાણી અને ખાદ્ય પદાર્થોનું–૪૧૮ સ્થળે ચેકીંગ કર્યુ, જેમાં નોટીસો આપી–૧૫૪, લારીઓ બંધ કરાવી–૧૧, મીઠાઈની દુકાનો/હોટલ/અન્ય ખાદ્ય પદાર્થ વેચતી સંસ્થાઓ–૧૦૨ ચેક કરી જેમાં–૫૮ સંસ્થાઓને નોટીસ આપી, દુધની ડેરી–૬૯ ચેક કરી જેમાં–૨૫ સંસ્થાઓને નોટીસ આપી, લગ્નની વાડીઓ/પાર્ટી પ્લોટમાં પાણીની ટાંકી–૪૧ ચેક કરી, મ્યુનિ.બિલ્ડીંગ, શાળાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, જાહેર સંસ્થાઓમાં પાણીની ટાંકી–૪૬ ચેક કરી, સિનેમાગૃહ, નાટયગૃહો, વીડીયો થીયેટરમાં પીવાનાં પાણી/ખાદ્ય સામગ્રી/મુતરડી–૬૨ ચેક કરી, આ પૈકી કસુરવાર પાસેથી કુલ વહીવટી ખર્ચ રૂા. ૮૫,૮૮૦/– વસુલ કરવામાં આવેલ છે.આમ કુલ મળીને સંસ્થાઓ–૫૮૯ ચેક કરી, જયારે–૨૩૭ સંસ્થાઓને નોટીસ આપી. તથા ૧૧ સંસ્થાઓ બંધ કરાવી. આમ કુલ ૮૫,૮૮૦/– દંડ સંસ્થાઓ પાસેથી વસુલ્યો.

TOP

## લિંબાયત ઝોનમાં પ્રિમોન્સુન કામગીરી માટે મીટીંગનું આયોજન

તા. ૨૪/૦૫/૨૦૧૧ નાં રોજ સવારે ૧૧.૦૦ કલાકે સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) ખાતે ડીઝાસ્ટર મેનેજમેન્ટ અને પ્રિપેડનેશ પ્લાન અન્વયે ઈ. ચા. કાર્યપાલક ઈજનેરશ્રીના અધ્યક્ષ સ્થાને સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રમુખશ્રીઓ/પ્રતિનિધિશ્રીઓની સાથે ખાડીપુર/નદીપુર જેવી કુદરતી આફતના સમયે રાહતની કામગીરી, સાફસફાઈ તથા પુનઃવર્સનની કામગીરી સરળ અને ઝડપી બને તે હેતુસર તેઓ સાથે સંકલન કરી અત્રેના ઝોનનાં કયા વિસ્તારમાં, કઈ સંસ્થા કયા પ્રકારની, કેટલા પ્રમાણમાં સેવા આપી શકે તેમ છે તે અંગે જરૂરી માહિતી સુનિશ્ચિત કરવા મિટીંગ મળી હતી. જેમાં સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) ની ૨૫ સ્વૈચ્છિક સંસ્થાના પ્રમુખશ્રી/ પ્રતિનિધિશ્રીઓ હાજર રહેલ હતા. મીટીંગની શરૂઆતમાં ઈ. ચા. કાર્યપાલક ઈજનેરશ્રીએ હાજર રહેલ સ્વૈચ્છિક સંસ્થાઓના હોદ્દેદારો,પ્રતિનિધિઓનું હાર્દિક સ્વાગત કરી મીટીંગનો ઉદ્દેશ સ્પષ્ટ કરેલ હતો. ત્યારબાદ સ્વૈચ્છિક સંસ્થાઓના હાજર રહેલા પ્રતિનિધિઓની ઓળખવિધિ તેમજ તેમની સંસ્થાની પ્રવૃતિ વિષે ટુંકમાં માહિતી આપી પરિચય કેળવ્યો હતો. ત્યારબાદ ડે. ટાઉનપ્લાનરશ્રીએ અગાઉના વર્ષોમાં આવેલ ખાડીપુર/નદીપુર વખતે ઉપસ્થિત થયેલ પરિસ્થિતિ અંગે વિગતવાર ચિતાર રજુ કરી સાવચેતીના અને આયોજનનાં ભાગરૂપે લેવામાં આવેલા પગલા અંગેની વિગતવાર આંકડાકીય માહિતીનું પ્રેઝન્ટેશન રજુ કરેલ હતું. ઈ. ચા. કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા કુદરતી આફત પહેલા કરવાજોગ આગોતરા આયોજનની માહિતી આપી હતી, અત્રેના સાઉથ ઈસ્ટ ઝોન ધ્વારા કરેલી કામગીરીની વિસ્તૃત જાણકારી આપી હતી. કુદરતી આફતને પહોંચી વળવા લેવાજોગ પગલા અંગેની વિસ્તૃત ચર્ચા સદર મીટીંગમાં કરવામાં આવેલ હતી. સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી હકારાત્મક પ્રતિભાવ આપી કુદરતી આફતના સમયે સુરત મહાનગરપાલિકા સાથે ખભેખભા મિલાવી કામગીરી તત્પરતા દર્શાવી હતી. અંતે તમામ સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓનો આભાર પ્રદર્શિત કરી મીટીંગનું સમાપન કરવામાં આવેલ હતું.

TOP